ખેતી બેન્ક
ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર
એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.
૪૮૯, આશ્રમ રોડ, નહેરુબ્રીજ સામે,અમદાવાદ-૯.

# કર્મચારીઓના મેડીકલેમ અંગેનો શરતો

બેન્કના તમામ કર્મચારીઓનો તેમના પરિવાર સહિત રૂ.૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખની ગ્રુપ મેડીક્લેઇમ પોલીસી અંગે ક્વોટેશન મોકલવાના રહેશે. જેમાં મેડીક્લેઇમ માટે નીચે મુજબની વિગતો ધ્યાને લેવાની રહેશે.

૧. પોલીસીનો સમયગાળો તા.૧૯-૮-૨૦૨૬ થી તા.૧૮-૮-૨૦૨૭ સુધીનો રહેશે.

૨. બેંકમાં કાર્યરત તમામ કર્મચારીશ્રીઓ, તેઓના પતિ/પત્ની તથા ૨ બાળકોનો (૨૮ વર્ષ સુધી) સમાવેશ થશે. જેનું સમએશ્યોર્ડ રૂ.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા) ની મર્યાદામાં “સદર રૂ.૨,૦૦,૦૦૦/- સમએશ્યોર્ડ પૂર્ણ થયેથી વધારાનું રૂ.૧,૦૦,૦૦૦/- મળવાપાત્ર છે પરંતુ તેના માટે મૂળ સમએશ્યોર્ડ રૂ.૨,૦૦,૦૦૦/- પૂર્ણ થઈ જાય ત્યારથી 45 દિવસ સુધી એ જ કર્મચારીને, એ જ બીમારી માટે સદર રકમ મળવાપાત્ર રહેશે નહી. તથા બેંકમાં કાર્યરત તમામ કર્મચારીશ્રીઓ, તેઓના પતિ/પત્ની તથા ૨ બાળકોના (૨૮ વર્ષ સુધી) સમાવેશ સાથે એક ક્વોટેશન તથા બેંકમાં કાર્યરત તમામ કર્મચારીશ્રીઓ, તેઓના પતિ/પત્ની, ૨ બાળકો (૨૮ વર્ષ સુધી) તથા માતા-પિતા સહીત એક ક્વોટેશન એમ કુલ બે અલગ ક્વોટેશન આપવાના રહેશે.

3. હોસ્પિટલાઇઝેશનના કિસ્સામાં કર્મચારીની તમામ પ્રકારની રજાઓ પૂર્ણ થઇ ગયેલ હોય અને કર્મચારી કપાત પગાર રજા પર હોય તો કર્મચારીને તેઓની Monthly Take home salaryના ૫૦% salary કંપની તરફથી મળવાપાત્ર રહેશે. સદર પગારની ગણતરી કર્મચારીની છેલ્લા 3 મહિનાની Monthly Take home salaryની સરેરાશ પરથી નક્કી થશે અથવા રૂ.૫૦,૦૦૦/- જે ઓછુ હોય તે મળવાપાત્ર રહેશે. સામેલ પોલીસીમાં વિગતવાર માહિતી જોઇ લેશો.

૪. અગાઉથી નક્કી કરેલ પ્રક્રિયા માટે ૫૦% સુધી એડવાન્સ આપવામાં આવશે તેના માટે કંપની દ્વારા મંજૂરી મેળવવી જરૂરી રહેશે. કર્મચારીએ કન્સલટેશન/મેડીકલ રેકર્ડ્સ/એસ્ટીમેટ્સ વગેરે રજૂ કરવાનું રહેશે. હોસ્પીટલમાં દાખલ થયેથી પ્રક્રીયા હાથ ધરેથી ૫૦% રકમ કર્મચારીને કંપની દ્વારા બેંક એકાઉન્ટમાં ટ્રાંસફર કરવામાં આવશે તથા અન્ય ૫૦% રકમ કર્મચારી દ્વારા કંપનીને ફાઇનલ બીલ, ડીસચાર્જ સમરી મોકલેથી બેંક એકાઉન્ટમાં જમા આપવામાં આવશે. કર્મચારી ઇન્શ્યોરન્સ કંપનીમાં જોડાયેલ અથવા અન્ય હોસ્પીટલનો ઉપયોગ કરી શકે છે.

૫. કંપની દ્વારા નક્કી કરાયેલ જનરલ ફીઝીશીયન/ટાઇઅપ હોય તેઓ પાસેથી ફીમાં ડેન્ટલ તથા અન્ય કન્સલ્ટેશન મેળવી શકાશે, ૭૦% સુધી હેલ્થ ચેકઅપ તથા ડાયગ્નોસ્ટિક્સ ડીસ્કાઉન્ટ મળવાપાત્ર રહેશે, દવાઓ પર ૧૫% સુધી ડીસ્કાઉન્ટ તથા ૫% સુધી કેશબેક મળવાપાત્ર રહેશે. દિન-૨૧ માટે ફ્રી ઓનલાઇન યોગા સેશન આપવામાં આવશે. બાળકોને દરરોજ લાઇવ ૨૧થી વધુ હોબી ક્લાસીસ જેવા કે ચેસ, ફાઇન આર્ટસ, ઇન્સ્ટ્રુમેન્ટ્સ, ડીબેટીંગ, મ્યુઝીક વગેરે ફ્રી માં મળવાપાત્ર રહેશે તથા ઓનલાઇન કોર્સીસ અને વીડીયો સ્કીલ જેવા કે કરાટે, એક્ટીંગ, કાર્ટુનીંગ વગેરે પર ૫૦% કેશબેક મળવાપાત્ર રહેશે. મહિલાઓ માટે ૧૫% સુધી થાઇરોડ તથા PCOD કેર પ્લાન પર ઓફ, ૫૦% સુધી સ્કેન અને અલ્ટ્રાસાઉન્ડ જેવા ઇમેજીન પર, ૫૦% ગાયનેક વીડીયો અને ટેલી કન્સલટેશન પર ઓફ મળશે.

૬. રોગ અથવા અકસ્માતના કારણોસર સારવાર કારણે હોસ્પિટલમાં દાખલ થવાના કિસ્સામાં ઓછામાં ઓછા 24 કલાક હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી છે. રૂમ ચાર્જ વધુમાં વધુ સમ એશ્યોર્ડના ૨.૫ % તથા આઇ.સી.યુ.ચાર્જ વધુમાં વધુ સમ એશ્યોર્ડના ૫% મળવાપાત્ર રહેશે.

૭. પ્રી-પોસ્ટ નટલ લિમિટ રૂ.૭૫,૦૦૦/- સુધી IPD બેઝીસ પર કવર થશે. તથા દાખલ કર્યાના કિસ્સામાં મેટરનીટી સમ એશ્યોર્ડ સુધી કવર થશે. મેટરનીટી કવરેજ મહત્તમ મર્યાદા રૂ.૭૫,૦૦૦/- દરેક (સામાન્ય અને LSCS). સદર ફાયદો કર્મચારી પોતે તથા તેમના પત્નિને જ મળવાપાત્ર છે.

૮. Lucentis પર્વાર દીઠ રૂ.૫૦,૦૦૦/- સમ એશ્યોર્ડમાં કવર થશે.

૯. Oral chemotherapy ફેમીલી સમ એશ્યોર્ડ (રૂ.૨,૦૦,૦૦૦/-) સુધી કવર થશે.

૧૦. Balloon Sinuplasty સમ એશ્યોર્ડના ૫૦% સુધી કવર થાય છે.

૧૧. આંતરિક જન્મજાત રોગો આવરી લેવામાં આવે છે, બાહ્ય જન્મજાત રોગો માત્ર જીવન માટે જોખમી પરિસ્થિતિઓ માટે જ આવરી લેવામાં આવે છે.

૧૨. Lasik (મોતિયા) માટે લેન્સ + ૬.૫/-૫ થી વધુ પાવરનો હોય તો જ કવર થશે.

૧૩. એક વિમા દીઠ એમ્બ્યુલંસનો ખર્ચ વધુમાં વધુ રૂ.૧૫૦૦/-નો સમાવેશ થાય છે.

૧૪. સાઇકીયાટ્રીક ટ્રીટમેન્ટ રૂ.૩૦,૦૦૦/- સુધી કવર થશે.

૧૫. હોસ્પીટલમાં દાખલ થયાના દિન-૩૦ પહેલા તથા ડીસ્ચાર્જ થયા બાદ દિન-૬૦ સુધીનો ખર્ચ આવરી લેવામાં આવે છે.

૧૬. કર્મચારીશ્રીઓ કે જેઓના નવા લગ્ન થયેલ હોય તેઓના લગ્ન કરેલ મહિનાના પહેલા દિવસથી તેઓના પતિ/પત્નીનો સમાવેશ કરવા માટે બેંક ને જાણ કરવી આવશ્યક રહેશે.

૧૭. મોર્ડર્ન ટ્રીટમેન્ટ જેવી કે Uterine Artery Embolization and HIFU, Balloon Sinuplasty, Deep Brain Stimulation, Oral Chemotherapy Immunotherapy-Monoclonal Antibody to be given as injection, Intra Vitreal injections, Robot surgeries, Stereotactic radio surgeries, Bronchial Thermoplasty Vaporization of the prostrate (Green laser treatment or holmium laser treatment) IONM- (Intra Operative Neutro Monitoring), Stem Cell therapy: Including Hematopoietic stem cells for bone marrow transplant for hematological conditions વિગેરે નિયમાનુસાર કવર કરવામાં આવે છે.

૧૮. કોર્પોરેટ બફર રૂ.૧૨,00,000/- બાર લાખ જેમાં બેંકના હાયર ઓથોરીટીની મંજૂરી આવશ્યક રહેશે.

૧૯. ન્યુ બોર્ન બેબી કવર કરવાના રહેશે.

૨૦. ફુલ બોડી ચેક-અપ ૮૦૦/- હાફ બોડી ચેક અપ -૪૦૦/- થર્ડ બોડી ચેક અપ -૨૦૦/- ( મધર –ફાધર ને આજ રેટે ચેક અપ કરવાનું)

૨૧ બ્લડ ટેસ્ટ રીપોર્ટ –લીપીડ પ્રોફાઇલ ટેસ્ટ

૨૨. કલબ ડેન્ટલ